GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં માનવ વિકાસના સંદર્ભમાં આરોગ્ય અંગેની પરિસ્થિતિનો અભ્યાસ

ડૉ. હરીગોપાલ ગિરધરલાલ અગ્રવાલ, કિશોર ધનજીભાઇ ગોહિલ

પીએચ.ડી. ગાઈડ,
શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા.
અધ્યક્ષ શ્રી,
અર્થશાસ્ત્ર વિભાગ,
શ્રી કે. આર. દેસાઇ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
ઝાલોદ, જી. દાહોદ.

પીએચ.ડી. સ્ટુડન્ટ,
શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા.

**સારાંશ**

*ભારત એ ગામડાઓનો બનેલો દેશ છે. ત્યાં ૨/૩ જેટલી વસ્તી રહે છે. જે રાષ્ટ્રીય વિકાસની કરોડરજ્જુ કહી શકાય. એટલે જ ગામડાઓના માનવીઓના વિકાસ વિના રાષ્ટ્રનો વિકાસ શકી નથી એમ કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી. ભારત માટે ફક્ત રાજનૈતિક આઝાદી પર્યાપ્ત નથી પણ એની આર્થિક અને આરોગ્યની સક્ષમતા પણ એટલી જ જરૂરી છે. માનવ વિકાસ એ નિરંતર ચાલતી એક બહુઆયામી અને જટિલ પ્રક્રિયા છે. સર્વ સ્પર્શી, સર્વગ્રાહી, સમતોલ અને અક્ષય વિકાસ એ કોઈપણ રાષ્ટ્રની ઝંખના અને અગ્રિમતા હોય છે. તાત્કાલિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ટૂંકાગાળાના વિકાસ નહિ પરતું ટકાઉ અને કાયમી વિકાસ, ભાવિ પેઢીનો વિચાર કરીને તેમજ કુદરતી સંપતિ અને પર્યાવરણનું જતન અને સંતુલન જાળવીને વૃધ્ધિ અને વિકાસ કરવાની ચર્ચા છેલ્લા દસકાથી વૈશ્વિક સ્તરે કેન્દ્ર સ્થાને રહી છે. માત્ર વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ કે માત્ર આર્થિક વિકાસ નહીં પરંતુ પર્યાવરણીય સંતુલન જાળવી રાખીને સાથોસાથ માનવ આરોગ્યનો વિકાસ પણ થવો જોઈએ તેવી વિકાસની સંકલ્પનાઓ વૈશ્વિક સ્તરે સર્વ સંમતિથી સ્વીકારાયો છે.*

***કી-શબ્દ:*** *માનવ, વિકાસનું મહત્વ, આરોગ્ય, પરિબળો, પરિસ્થિતી.*

## પ્રસ્તાવના:

માનવ વિકાસ શબ્દનો પ્રયોગ આજે ખુબ જ પ્રચલિત અને સર્વ સામાન્ય બની ગયો છે. પરંતુ માનવ વિકાસની સંકલ્પના અંગે બૌદ્ધિકોમાં સર્વ સંમતિ જોવા મળતી નથી. સમાન્ય રીતે માનવ વિકાસનો ખ્યાલ અત્યારે સાપેક્ષ તુલનના સંદર્ભમાં જોવા મળે છે. પશ્ચિમના દેશો વિકસિત દેશો છે. અને તેની સરખામણીમાં પૂર્વના દેશો વિકાસશીલ છે તેવું માનવામાં આવે છે. માનવ વિકાસના સંદર્ભમાં પૂર્વ અને પશ્ચિમના દેશોની તુલના કરવામાં

https://www.gapbhasha.org/

આવે છે. આપણાં દેશની વાત કરીએ તો પણ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજ્યોને બીજા રાજયોની સરખામણીમાં વધુ વિકસિત માનવામાં આવે છે. આથી કહી શકાય કે માનવ વિકાસએ સાપેક્ષ તુલનાત્મક ખ્યાલ છે.

માનવ વિકાસની સંકલ્પના વિશે સ્વાવલંબી અભિગમ ધરાવનાર મહાત્મા ગાંધીએ એવા અભિપ્રાયો વ્યક્ત કર્યા છે કે "જ્યાં સુધી ગરીબમાં ગરીબ માણસને વિકાસના કેન્દ્રમાં ન રાખવામા આવે ત્યાં સુધી લોકોની મુશ્કેલીઓ ઓછી ન થાય, તેમના જીવન ધોરણમાં નોંધપાત્ર સુધારો ન થાય અને તે લોકો કોઈપણ ભેદભાવ વિના માનવ વિકાસ પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ન ભજવે ત્યાં સુધી સાચા અર્થમાં વિકાસ શકી નથી." બીજી રીતે કહીએ તો ગામડાં ત્યારે જ વિકસિત થશે કે જ્યારે તે સ્થાનિક લોકોની પાયાની જરૂરિયાત સંતોષવામાં આત્મનિર્ભર બને. પહેલાના સંદર્ભમાં એ જરૂરિયાત રોટી, કપડાં અને મકાન સુધી મર્યાદિત હતી પણ આજના વૈશ્વિક યુગમાં પારસ્પરિક નિર્ભરતા વધી છે સાથેસાથે સંકલનની મુશ્કેલીઓમાં પણ વધારો થયો છે તેથી માનવીય આરોગ્ય એ આજના સંદર્ભમાં માનવીય વિકાસનું એક અગત્યનું પરિબળ છે. આથી હવે મહત્વપૂર્ણ એ છે કે લોકોના જીવન ઉત્થાન માટે કેવી રીતે વહીવટી, આર્થિક અને સામાજિક શોષણ અટકાવીને માનવીય આરોગ્ય વિકાસની પ્રક્રિયાને પારદર્શક, શુદ્ધ અને ઝડપી બનાવવી વગેરે બાબતોનો વિચાર કરી આત્મવિશ્વાસ તેમજ આત્મનિર્ભરતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનું છે.

આઝાદી બાદ ભારતે અનેકવિધ ક્ષેત્રે પ્રગતિ કરી છે અને માનવ વિકાસની દિશામાં સારી એવી પ્રગતિ મેળવી છે. તેમ છતાં રાષ્ટ્રીય જીવનના અન્ય પાસાના એકંદર વિકાસની સાથે ગ્રામ્ય વિસ્તારોનો માનવ વિકાસ તાલ મેળવી શક્યો નથી. ગ્રામ માનવ વિકાસ વર્ષોથી રાજકીય નીતિ ઘડતર અને નિર્ણયકરણમાં અંદર-બહાર થતું રહ્યું છે, અને છેવટે તેને આયોજનમાં સંકલિત ખ્યાલ સ્વરૂપે દાખલ કરવામાં આવ્યું છે. દેશના માનવ વિકાસમાની વર્તમાન અસંતુલા દૂર કરવા છેલ્લા કેટલાંક વર્ષોમાં રાષ્ટ્રીય નવનિર્માણમાં ગ્રામ માનવ વિકાસને કેન્દ્રમાં મોખરે મૂકવા જરૂરી પગલાં ભરવામાં આવ્યા છે.

ગ્રામીણ ક્ષેત્રની મોટાભાગની વસ્તી ગરીબી રેખાની નીચે જીવે છે. આમાં જમીન વિહોણા મજૂર, નાના અને સીમાંત ખેડૂતો, કારીગરો અને સમાજના અન્ય નબળા વર્ગોનો સમાવેશ થાય છે આ તમામ લોકો આર્થિક સંકામણ, શોષણ, ભેદભાવ અને માનસિક ત્રાસ વગેરેથી ખૂબ જ પ્રભાવિત હોય છે. તેઓની અતિશય ગરીબાઈ અને અમાનવીય રહેણાંક પરિસ્થિતિના કારણે જ નવી નીતિ નિર્ધારણમાં ગ્રામ્ય પ્રજા લક્ષી સુધારાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે અને તેમના આરોગ્યના સુધારા માટે ઘણાં પગલાં ભરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રિય કક્ષાએ આ લોકોની જીવનશૈલીમાં સુધારો કરવો એ મહત્વની ચર્ચાનો વિષય છે.

## સંશોધન ઉદ્દેશ્ય:

- માનવ વિકાસના મૂળભૂત પરિબળો ચકાસવા કાલોલ તાલુકાના સંદર્ભમાં ચકાસવા
- માનવ આરોગ્યને અસર કરતાં પરિબળો ની કાલોલ તાલુકાના સંદર્ભમાં મુલવણી કરવી

## માનવ આરોગ્ય વિકાસના હેતુઓ:

માનવ આરોગ્ય વિકાસના હેતુઓ આ પ્રમાણે ગણાવી શકાય.

- કાલોલ તાલુકાના માનવ આરોગ્ય વિકાસની સ્થિતિ ચકાસવી.
- માનવ આરોગ્ય સેવાઓની સામાજિક અને આર્થિક માળખા સ્વરૂપે પૂર્તતા કરવી.

https://www.gapbhasha.org/


GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

- માનવ આરોગ્યના ઉત્કર્ષ માટે યોગ્ય સૂચનો કરવા.
- કાલોલ તાલુકાના કુટુંબોનાના માનવ આરોગ્ય વિકાસમાં વધારો કરવો અને ધ્યાન રાખવું કે આવનારા વર્ષોમાં ગરીબી રેખાની નીચે જીવતા લોકો તે પરિસ્થિતિમાંથી બહાર આવે અને આ માટે સતત પ્રયત્નશીલ રહેવું.

આ હેતુઓ પૂરા કરવા માટે યોગ્ય માનવ આરોગ્ય વિકાસલક્ષી વ્યૂહ-રચનાની જરૂર છે. આ વ્યૂહ રચના એ માનવ આરોગ્ય વિકાસમાં સુધારા માટેની મૂળભૂત જરૂરિયાત છે. જેના દ્વારા જીવનની તકોમાં ઉમેરો કરીને ગ્રામીણ માનવ ક્ષમતામાં વધારો કરી શકાય છે. જે માનવ આરોગ્ય સ્થિતિમાં સુધારો કરે છે. માનવ આરોગ્ય વિકાસની સમગ્ર પ્રક્રિયા માટે તે જે વાતાવરણમાં કાર્યરત છે, તેની તમામ કામગીરીનું સંકલન જરૂરી છે, જે ચોક્કસ હેતુસર ભવિષ્ય માટે અમુક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આ પરિસ્થિતિ માનવ આરોગ્ય વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

## કાલોલ તાલુકો:

કાલોલ તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મધ્ય પૂર્વ ભાગમાં આવેલા પંચમહાલ જિલ્લાનો મહત્વનો તાલુકો છે. કાલોલ આ તાલુકાનું મુખ્ય મથક છે. તાલુકાનું અક્ષરજ્ઞાન ૬૭.૨૨ ટકા છે. રેલ્વેર લાઇન ૨ કી.મી. લાંબી છે. કાલોલ તાલુકાનું ભૌગોલીક સ્થારન અક્ષાંશ ૨૨.૩૭ રેખાંશ ૭૩.૨૨ છે. તાલુકાની મુખ્ય નદીઓમાં ગોમા, કરડ, રુપારેલ, મેશરી નદીઓનો સમાવેશ થાય છે. મુખ્ય પાકો મકાઇ,બાજરી,તુવર, ડાંગર છે. (https://panchmahaldp.gujarat.gov.in/gu/taluka/Kalol/home)



કાલોલ તાલુકો

## કાલોલ તાલુકામાં માનવ આરોગ્ય વિકાસની સ્થિતિ

કાલોલ તાલુકામાં સામાજિક-આર્થિક માળખાનો, વિવિધ સરકારી તેમજ બિનસરકારી સંસ્થાઓ તથા તેમના આંતરિક સંબંધોનું અને પ્રક્રિયાઓનું મૂળભૂત રૂપાંતર પૂર્ણ પણે સાકાર થયું નથી. આ સંદર્ભમાં કાલોલ તાલુકાના વિકાસની સાચી વ્યૂહ રચના એવી હોવી જોઈએ કે જેથી વિકાસના લાભ કાલોલ તાલુકાની પ્રજાને મળતા થાય. આ માટે સર્વ વ્યાપી વ્યવસ્થાપનના સામાન્ય સિદ્ધાંતો પ્રમાણે કઈ રીતે કાર્યો હાથ ધરી શકાય કે જેથી ઇચ્છિત માનવ આરોગ્ય વિકાસના લક્ષ્યાંકો નિર્ધારિત અને ઉપલબ્ધ સુવિધાઓના સંદર્ભમાં પૂરા થઈ શકે.

માનવ આરોગ્ય વિકાસની પ્રક્રિયાને અસર કરતાં પરિબળો અને તેના માટે જરૂરી વ્યવસ્થાપનના ક્ષેત્રો આ પ્રમાણે છે.

- પ્રતિકૂળ અવરોધક માનવ વલણો

https://www.gapbhasha.org/

- વસ્તી વધારો, ગરીબી અને બેકારી
- પાયાગત સુવિધાઓનો અભાવ
- યોગ્ય માનવ આરોગ્ય પ્રવૃત્તિઓનો અભાવ
- શૈક્ષણિક તેમજ તાલીમ વિષયક જરૂરિયાત

માનવ આરોગ્ય વિકાસ માટેની નિશ્ચિત જરૂરિયાતો છે જે આ મુજબ છે:

- યોગ્ય કિમતે દવાઓનું વેચાણ થાય તે માટેનું આયોજન કરવું.
- આરોગ્ય સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓનો યોગ્ય સમન્વય.
- કાલોલ તાલુકા ક્ષેત્રે યોગ્ય માનવ આરોગ્ય સેવાઓ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવી.
- માનવ આરોગ્ય તરફ કાલોલ તાલુકાના લોકોની આવડત અને જ્ઞાનમાં સુધારો કરવો.

આમ, માનવ આરોગ્ય વિકાસ ફક્ત એટલા માટે જ જરૂરી નથી કે આપણી મોટા ભાગની વસ્તી ગામડામાં વસે છે પરંતુ દેશ ના આર્થિક ક્ષેત્ર ને વેગ ફક્ત માનવ વિકાસ દ્વારા જ આપી શકાય છે. માનવ આરોગ્ય વિકાસ એ સમગ્ર લક્ષી વિકાસ સાથે સંકળાયેલ એક પવિત્ર ખ્યાલ છે. તે માળખાકીય સવલતો – જેવી કે, રસ્તા, વાહન વ્યવહાર, વીજળી, વિમાક્ષેત્ર, બેન્ક,ગ્રામીણ ઉદ્યોગો સસ્તા ઘર જેવી પાયાની જરૂરિયાતો ઉપરાંત ગ્રામ્ય ગરીબી, બેરોજગારી, પોષણ અને સ્વાસ્થ્ય લક્ષી સગવડો, સ્થાનિક કલા અને કારીગરો વગેરેના વિકાસ ના ખ્યાલ માં સર્વોપરી જરુરીયાત સાથે સંકળાયેલ છે.

## વ્યવસ્થાપનની ભૂમિકા :

માનવ આરોગ્ય વ્યવસ્થાપનના મુખ્ય પાંચ કાર્યો છે. જે નીચે મુજબ ગણાવી શકાય.

- આયોજન
- વ્યવસ્થાતંત્રની ગોઠવણી
- માનવ – વલણો
- માહિતી સંચારના માધ્યમો
- અંકુશ

આ દરેક કાર્ય પ્રમાણે તેના યોગ્ય ઉપયોગ થકી જ્યારે માનવ આરોગ્ય વિકાસલક્ષી કાર્ય હાથ ધરવામાં આવે તો જ વિવિધ માનવ આરોગ્ય વિકાસલક્ષી કાર્યક્રમોને ક્રમબદ્ધ સફળતા મળી શકે છે.

## સંશોધનની મર્યાદાઓ:

ઉપરોક્ત ચર્ચિત પરિબળો એ માનવ આરોગ્ય વિકાસને અસર કરતાં મુખ્ય પરિબળો છે, અહી દર્શાવ્યા ઉપરાંતના પણ અનેક જાણીતા અને અજાણ્યા પરિબળો માનવ આરોગ્ય વિકાસને અસર કરતાં હોય છે પરંતુ સમગ્રલક્ષી અભ્યાસ કરવો અહીં સંશોધક માટે સમય અને સંશાધનની મર્યાદાને ધ્યાનમાં લઈને સર્વે અસરકરતા પરિબળોને આવરી લેવા શક્ય નથી. તેથી સંશોધકે ફક્ત મુખ્ય અસર કરતાં માનવ આરોગ્ય વિકાસના પરિબળોને ધ્યાનમાં લઈને વિહંગાવલોકન પ્રસ્તુત કર્યું છે.

https://www.gapbhasha.org/

## સારાંશ :

માનવ આરોગ્ય વિકાસની વિભાવના અને પ્રક્રિયા વધુ વ્યાપક, સંકૂલ અને સમય તથા પ્રદેશ સાપેક્ષ હોય છે. કોઈપણ ચિંતન જે તે દેશની ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક પરિબળોના પરિનિવેશમાં જન્મતું અને વિકસતું હોય છે. માનવ વિકાસ એ લાંબાગાળાની સતત ચાલતી પ્રક્રિયા છે. શરૂઆતના ગાળામાં ઔદ્યોગિક વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ, આર્થિક વિકાસને વિકાસના માનદંડો તરીકે સ્વીકારી દેશોમાં વિકાસની પ્રક્રિયાને મૂલવવામાં આવી. દાયકાઓ બાદ વિકાસનો આ ખ્યાલ એકાંગી લાગ્યો. માનવ વિકાસનો ખ્યાલ સમય જતાં સર્વાંગી બનવા લાગ્યો. સર્વ સ્પર્શી, સમતોલ અને વિભાવક્ષમ માનવ વિકાસની સંકલ્પના વધુ સ્પષ્ટ થવા લાગી. પર્યાવરણીય સંતુલન જાળવી રાખીને લાંબાગાળાનો ટકાઉ માનવ આરોગ્ય વિકાસ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. ભૌતિક વિકાસની સાથેસાથે માનવ આરોગ્ય વિકાસ પણ થવો જોઈએ તે બાબતનો નિર્વિવાદ પણે વૈશ્વિક સ્તરે સ્વીકાર કરવામાં આવ્યો છે. આમ ભારતમાં માનવ આરોગ્ય વિકાસ પર ભાર આપવાની વિશેષ જરૂર છે.

## સંશોધન અવકાશ:

સંશોધન મર્યાદામાં જણાવ્યાં મુજબ અહીં ફક્ત મુખ્ય પરિબળોનું વિહંગાવલોકન પ્રસ્તુત કર્યું છે, તેથી વિસ્તૃત અભ્યાસ માટે દરેક પરિબળો તલસ્પર્શી અભ્યાસ માટે પૂરતો અવકાશ છે.

## સંદર્ભ:

[1] Kalam, A.P.J (2002). Abdul with Rajan Y.S., 'INDIA 2020 A Vision for the New Millennium", Penguin Books India Pvt Ltd, New Delhi.

[2] United Nations Development Programme, "Human Development Report (2014)", New York City, July 24, 2014.

[3] ગાંધીજી, મોહનદાસ કરમચંદ, (2002). "હિન્દ સ્વરાજ", નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

[4] વૈષ્ણવ, બિપિનચંદ્ર (સંપાદક)(૨૦૦૦) "ગ્રામમિત્ર સહાયક (ગોકુળ ગ્રામ અને અન્ય સહકારી યોજનાઓ)", નવસર્જન પબ્લિકેશન, અમદાવાદ.

[5] ૫. ગાંધીજી, (સંકલન)(૧૯૫૯) પ્રભુ આર. કે., "પંચાયત રાજ",નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

https://www.gapbhasha.org/